**કમિશનર, ગ્રામ વિકાસની કચેરી**
**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના**
બ્લોક નં– ૧૬, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર – ૩૮૨૦૧૦

**મનરેગા યોજના અંતર્ગત સામાજિક ઓડિટ યુનિટ હેઠળ કરાર આધારિત જગ્યાઓની ભરતી અંગેની જાહેરાત**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ સામાજિક ઓડિટ યુનિટ માટે રાજય / જિલ્લા કક્ષાની ખાલી પડેલ જગ્યાઓ તથા ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે જુદા જુદા સંવર્ગની કરાર આધારિત જગ્યાઓ ભરવા માટે નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી જાહેરાત પ્રકાશિત થયેથી ૨૧ દિવસની મુદતમાં સ્પીડ પોસ્ટ /રજીસ્ટર પોસ્ટ એ.ડી અરજીઓ માંગવામાં આવે છે. ઉપરોકત જગ્યાઓની વિગત, શૈક્ષણિક લાયકાત અને અનુભવ, પગારધોરણ, અરજી કરવાનું નિયતફોર્મ તથા અન્ય વિગતો www.ruraldev.gujarat.gov.in વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. રસ અને યોગ્ય પાત્રતા ધરાવતા ઉમેદવારો પોતાની અરજી નિયત કરેલ અરજીફોર્મમાં નિયત મુદતમાં ઉપરોકત સરનામે મોકલી આપવાની રહેશે. ઉપરોકત જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા એક જ તારીખે અને એક જ સમયે લેવામાં આવનાર હોઈ ઉમેદવારોએ ફકત એક જ જગ્યા માટે અરજી કરવાની રહેશે. ઉમેદવાર જે જગ્યા માટે અરજી કરવા હોય તે જગ્યાનું નામ કવર ઉપર લખવાનું રહેશે. સદરહું જગ્યાઓની ભરતી માટે પસંદગી સમિતિનો નિર્ણય આખરી રહેશે.

**તા.૫/૧૧/૨૦૧૬**

**સહી/–**
**અધિક કમિશનર**
**ગ્રામ વિકાસ– ગુજરાત રાજય,ગાંધીનગર**

**Commissionerate of Rural Development**
**Mahatma Gandhi National Rural Employee Guarantee Schemes**
**Block No 16-Third Floor, Dr. Jivraj Mehta Bhawan, Gandhinagar - 382010**

**Applications Invited**

Contractual appointment for Social Audit Unit under MGNREGS

Commissionerate of Rural Development, under MGNREG Scheme, intends to set up Social Audit Units at the State and District level. For this purpose applications are invited for vacant posts and vacant posts which will be in future from the qualified individuals having minimum qualifications and experience prescribed by the Government. The applications have to be submitted to this Office by Speed Post/Registered Post (RPAD) within 21 days of publication of this advertisement. The application form and other details such as minimum qualification and experience, fix salary, prescribed format of application etc can be seen on the website www.ruraldev.gujarat.gov.in. Interested and qualified individuals may submit their application in the prescribed format to this Office on the address indicated above. Exam for all the positions will be convened on the same day hence candidates are advised to submit only one application. The name of the position for which the application is submitted must be mentioned on the outer top side of the application envelope. The final decision of the selection committee for the selection of candidates shall be final and abiding to all.

**Date : 5/11/2016**

**Sd/-**
**Additional Commissioner**
**Rural Development - Gujarat State, Gandhinagar**

**<u>જાહેરાત</u>**

# મનરેગા યોજના હેઠળ સામાજિક ઓડિટ યુનિટ માટે કરાર આધારિત જગ્યાઓ ભરવા માટેની વિગતો

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ સામાજિક ઓડિટ યુનિટ માટે રાજય / જિલ્લા કક્ષાની ખાલી પડેલ જગ્યાઓ તથા ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે જુદા જુદા સંવર્ગની કરાર આધારિત જગ્યાઓ ભરવા માટે નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી જાહેરાત પ્રકાશિત થયેથી ૨૧ દિવસની મુદતમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી અરજીઓ માંગવામાં આવે છે.

| અનુ. ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત | પગાર ધોરણ (માસિક) |
|---|---|---|---|---|
| ૧ | નિયામકશ્રી સામાજિક ઓડિટ યુનિટ | ૧ | કોઈ પણ યુનિર્વસિટીની અનુસ્નાતક પદવી તેમજ પ્રતિષ્ઠત સામાજિક કાર્યકર તરીકે સામાજિક ઓડિટની કામગીરી અને મૂળભૂત અધિકારો સંબંધી પ્રવૃતિઓનો ઓછામાં ઓછા ૧૦ વર્ષનો અનુભવ<br>**અથવા**<br>આઈ.એ.એસ/જી.એ.એસ (સિનિયર) સવર્ગમાંથી નિવૃત સરકારી અધિકારીની નિમણુંકના કિસ્સામાં તેવા અધિકારીશ્રીની પસંદગી કે જેમને છેલ્લા પાંચ વર્ષમાં સરકારમાં કોઈ પણ જગ્યા ઉપર ફરજ બજાવેલ નથી. | પ્રતિમાસ રૂા.૬૦,૦૦૦/– |
| ૨ | સામાજિક ઓડિટ એકસપર્ટ | ૫ | સરકાર માન્ય યુનિર્વસિટીમાં સોશ્યલ સાયન્સ લગતી પદવી જેવી કે એમ.એસ.ડબલ્યુ/એમ.આર.એસ/એમ.આર.એમ અને સામાજીક ઓડિટની પ્રવૃતિની કામગીરી અને મૂળભૂત અધિકારો સંબંધી પ્રવૃતિનો ગર્વમેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટર/ સ્વૈચ્છિક સંસ્થામાં ઓછામાં ઓછા ૫ વર્ષનો અનુભવ | પ્રતિમાસ રૂા.૨૦,૦૦૦/– |
| ૩ | જિલ્લા સામાજિક ઓડિટર | ૧૬ | સરકાર માન્ય યુનિર્વસિટીમાં સોશ્યલ સાયન્સ લગતી પદવી જેવી કે એમ.એસ.ડબલ્યુ/એમ.આર.એસ/ એમ.આર.એમ અને સામાજીક ઓડિટની પ્રવૃતિની કામગીરી અને મૂળભૂત અધિકારો સંબંધી પ્રવૃતિનો ગર્વમેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટર/ સ્વૈચ્છિક સંસ્થામાં ઓછામાં ઓછા ૩ વર્ષનો અનુભવ | પ્રતિમાસ રૂા.૨૦,૦૦૦/– |

**કરાર આધારિત જગ્યાઓ ભરવા અંગેના સુચનાઓ :–**

૧. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના તા.૧૦/૧૧/૨૦૧૪ અને તા.૨૬/૨/૨૦૧૫ ના ઠરાવ અન્વયે ઉકત જગ્યાઓ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો, નિયત નમુનામાં તમામ વિગતો ભરીને, જરૂરી પ્રમાણિત કરેલ પ્રમાણપત્રો સાથેની જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૨૧ દિનમાં અત્રેની કચેરી કમિશનર, ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં– ૧૬/૩, ડાૅ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને સ્પીડ પોસ્ટ/રજીસ્ટર પોસ્ટ એ.ડી દ્વારા અરજી મોકલી આપવાની રહેશે. મોકલેલ અરજીપત્રકના કવર ઉપર જે જગ્યા માટે અરજી કરતાં હોય તે જગ્યાની નામ દર્શાવવાનું રહેશે.

૨. ઉમેદવારોની અરજી સાદી ટપાલ, કુરિયર, ઈ–મેઈલ કે રૂબરૂમાં અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહી, જો આવી રીતે અરજીઓ અત્રે મળશે તે તમામ અરજીઓ રદ કરવામાં આવશે.

૩. ઉમેદવારોએ નિયત નમુના સિવાય અન્ય ફોર્મેટ કે નિયત નમુનામાં અધુરી વિગતો આવેલી અરજીઓ, જરૂરી પ્રમાણપત્રો બીડેલ ન હોવાના સંજોગોમાં અરજી રદ કરવામાં આવશે.

૪. જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન– ૨૧ પછી આવેલ તમામ જગ્યાઓ માટેની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

૫. ઉમેદવારે પોતાની લાયકાત /અનુભવ /માંગેલ ક્ષમતાને ધ્યાને લઈ જે જગ્યા માટે પોતાની લાયકાત /અનુભવ /માંગેલ ક્ષમતા વધુ બંધબેસતા હોય તે પૈકી પસંદગીની એક જ જગ્યા માટે અરજી કરવાની રહેશે.

૬. ઉપરોકત જગ્યાઓની લેખિત પરીક્ષા એક જ તારીખે અને એક જ સમયે લેવામાં આવનાર હોઈ ઉમેદવારોએ ફકત એક જ જગ્યા માટે અરજી કરવાની રહેશે.

૭. સંબંધિત જગ્યાઓ માટે મળેલ અરજીઓ પૈકી યોગ્ય પાત્રતા ધરાવતા ઉમેદવારોનું શોર્ટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે અને શોર્ટ લીસ્ટ થયેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા આપવાની રહેશે. જેમાં સ્વ ખર્ચે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

૮. ઉમેદવારોએ મેળવેલ લેખિત પરીક્ષાના ગુણ તથા તેઓને મળવાપાત્ર શૈક્ષણિક લાયકાતના ગુણ, અનુભવના ગુણના આધારે મેરીટ લીસ્ટ બનાવી મેરીટ પ્રમાણે જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને મૌખિક ઈન્ટરવ્યુમાં બોલવવામાં આવશે અને તેમાં મૌખિક પરિણામના ગુણ ઉમેરી આખરી મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.

૯. ઉમેદવારોના મૌખિક ઈન્ટરવ્યુ સમયે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે જેમાં સ્વ ખર્ચે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

૧૦. ઉપરોકત મુજબની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાની કાર્યપધ્ધતિ નીચે મુજબ છે.

| માપદંડ | ભારાંક (ગુણ) |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | ૧૦ |
| **સામાજિક ઓડિટની કરેલ કામગીરી અને અનુભવ સહિત**<br>✓ ઉમેદવાર સામાજિક ઓડિટની કરેલ કામગીરીની વિગત<br>✓ ઉમેદવાર ઓડિટ ઓફ સ્કીમ –૨૦૧૧ અન્વયે સામાજિક ઓડિટના રીપોર્ટના મુલ્યાંકન અને તેની જોગવાઈ અંગે કરેલ પુર્તતા<br>✓ સ્થાનિક પરિસ્થિતિને જાણકારીતા | ૫૦ |
| મૌખિક ઈન્ટરવ્યુ | ૨૦ |
| લેખિત પરીક્ષા | ૨૦ |

૧૧. અનુભવ મેળવેલ હોય તે પ્રત્યેક પ્રમાણપત્રમાં હોદો, મળતો પગાર, અનુભવનો સમયગાળો, દર્શાવેલ હોવો જોઈએ. અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૧૨. નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો પૂર્ણ સમયનો અનુભવ ધ્યાને લેવામાં આવશે. પાર્ટ ટાઈમ કે આંશિક અનુભવ કે લઘુતમ શૈક્ષણિક પહેલાનો અનુભવ માન્ય રહેશે નહી.

૧૩. લેખિત પરીક્ષા અને મૌખિક ઈન્ટરવ્યુ મળેલ માર્કસ ઉપરથી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે અને પસંદગી પામેલ ઉમેદવારોને ૧૧ માસ માટે કરારીય ધોરણે નિમણુંક આપવામાં આવશે ત્યારબાદ કામગીરીને ધ્યાને લઈ સદરહું મુદત ત્રણ દિવસનો બ્રેક આપીને લંબાવવામાં આવશે.

૧૪. ઉમેદવાર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૧૫. ઉમેદવાર સીસીસી સર્ટી અથવા અભ્યાસક્રમ દરમ્યાન કોમ્પ્યુટર વિષય સાથે પાસ તેમજ ગુજરાતી અને અંગ્રેજીમાં ટાઈપ કરતા જાણકાર હોવો જોઈએ.

૧૬. અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઈટ પર મુકવામાં આવેલ સુચનાઓ કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યારબાદ જ અરજીપત્રક ભરવું.

૧૭. ઉમેદવાર અરજીપત્રકમાં બતાવેલ કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણુંક સતાધિકારી સમક્ષ રજુ કરેલ શૈક્ષણિક લાયકાત, અનુભવ, કોમ્પ્યુટરના સર્ટી વગેરેના પ્રમાણપત્રો અથવા ભવિષ્યમાં જે તે તબકકે નિમણુંક અધિકારી દ્વારા ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની નિમણુંક સતાધિકારી / સમિતિના પરામર્શના આધારે રદ કરવામાં આવશે તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

૧૮. અનુક્રમ નં– ૧ ની જગ્યાએ ગુજરાત સરકાર દ્વારા કેડર પોસ્ટની નિમણુંક કરવામાં આવશે તો પસંદગી પામેલ ઉમેદવારો આપોઆપ છુટા કરવામાં આવશે.

૧૯. અનુ.ક્રમ નં– ૩ ની જગ્યાએ પસંદગી પામેલ ઉમેદવારોએ રાજય પસંદગી સમિતિ દ્વારા રાજયના કોઈ પણ જિલ્લામાં ફરજ બજાવવાની રહેશે અને રાજય પસંદગી સમિતિ દ્વારા આંતર જિલ્લાની ફેરબદલી પણ કરવામાં આવશે.

૨૦. અનુક્રમ નં– ૧ ની જગ્યાએ આઈ.ઈ.એસ /જી.એ.એસ ((સિનિયર) સવર્ગમાંથી નિવૃત સરકારી અધિકારીની નિમણુંકના કિસ્સામાં અરજી કરનાર ઉમેદવારોએ છેલ્લા પાંચ વર્ષમાં સરકારમાં કોઈ પણ જગ્યા ઉપર ફરજ બજાવેલ નથી તેવું એફીડેવીટ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

૨૧. આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે, તો તેમ કરવાનો કમિશનર ગ્રામ વિકાસની કચેરીને સંપૂર્ણ હકક /અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**તા.૫/૧૧/૨૦૧૬**
**સ્થળ : ગાંધીનગર**

**સહી/–**
**અધિક કમિશનર**
**ગ્રામ વિકાસ– ગુજરાત રાજય,ગાંધીનગર**